20) નગરમાં જોયું તે ન કશામાં - આમાં ક્યો અલંકાર છે તે જણાવો.

(A) વ્યાજસ્તુતિ (B) અનન્વય

(C) શ્લેષ (D) રૂપક

21) નીચે આપેલ પંક્તિના છંદનું નામ જણાવો.
'બેસી ખાટે ફરી વળી બધે મેડીઓ ઓરડામાં.'

(A) શિખરિણી (B) મંદાક્રાન્તા

(C) પૃથ્વી (D) અનુષ્ટુપ

22) નીચે આપેલ પંક્તિઓમાંથી ચોપાઈ છંદની પંક્તિ શોધો.

(A) જે પોષતું તે મારતું, શું એ ક્રમ નથી કુદરતી !

(B) ચળકાટ તારો એ જ પણ તું જ ખૂનની તલવાર છે.

(C) શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક

(D) લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.

23) 'ઉંકરાટા ઉપડવા' - રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) ઈચ્છા થવી. (B) નવી નવી ઈચ્છાઓ થવી.

(C) ઈચ્છા ન થવી (D) જૂની ઈચ્છાઓ થવી.

24) 'જેનામાં આવડત ન હોય છતાં વટ પાડવા મોટી મોટી ડંફાસો મારે' - એવો અર્થ નીચે આપેલ કહેવતોમાંથી શોધો.

(A) પેટનો બાળ્યો ગામ બાળે. (B) ખાળે ડૂચા ને દરવાજા મોકળા.

(C) ખાલી ચણો વાગે ઘણો. (D) ડૂબતો માણસ તરણું પકડે.

25) 'અડાળી' શબ્દનું શિષ્ટરૂપ શોધીને લખો.

(A) રકાબી
(B) ડાળી વિનાનું
(C) આરોપ
(D) થાળી

26) નીચે આપેલ શબ્દોમાંથી 'લોચન' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?

(A) મસ્તક
(B) ચક્ષુ
(C) મન
(D) કપાળ

27) જે વાક્યમાં એક નામપદ બીજા નામપદ સાથેનો સંબંધ પ્રગટ કરે ત્યારે તે પદ સંબંધ કઈ વિભક્તિમાં કહેવાય ?

(A) અધિકરણ
(B) કરણ
(C) કર્મ
(D) સંબંધ

28) 'બા છરીથી શાક સુધારે છે.' રેખાંકિત પ્રત્યય કઈ વિભક્તિ દર્શાવે છે ?

(A) અપાદાનના અર્થમાં પંચમી
(B) સંબંધના અર્થમાં ષષ્ઠી
(C) કરણના અર્થમાં તૃતીયા
(D) એકપણ નહીં

29) એમાં ભડી તો ક્યાં ગણવાની ? આ વાક્યમાં નિપાત કયો છે ?

(A) ક્યાં
(B) તો
(C) એમાં
(D) ની

30) નીચેનાં વાક્યોમાં કૃદંત અને તેના પ્રકારનું કયું જોડકું ખોટું છે તે જણાવો.

(A) તું ખાવાનું મોકલનાર કોણ ? - વિધ્યર્થ કૃદંત
(B) પગે ચાલીને જવાય ખરું ? - સંબંધક ભૂતકૃદંત
(C) તે રાત્રે જમતાં નથી. - વર્તમાન કૃદંત
(D) બહાર મેળો લાગેલો હતો. - ભૂત કૃદંત

(P.T.O.)

31) કર્તાને 'થી' પ્રત્યય અને ક્રિયાના સાદા અંગને 'આ' પ્રત્યય લાગીને કઈ રચના બને છે ?

(A) પુનઃપ્રેરક

(B) પ્રેરક

(C) કર્મણિ

(D) કર્તરિ

32) નીચે આપેલાં વાક્યોનો અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
વાક્ય 1 :- ચકુ દફ્તર મૂકે છે.
વાક્ય 2 :- મારાથી ન બોલાયું.

(A) બંને વાક્યો કર્મણિ રચના છે.

(B) વાક્ય 2 કર્તરિ રચના છે, જ્યારે વાક્ય 1 કર્મણિ રચના છે.

(C) વાક્ય 1 કર્તરિ રચના છે, જ્યારે વાક્ય 2 કર્મણિ રચના છે.

(D) બંને વાક્યો કર્તરિ રચના છે.

**નીચે આપેલો ગદ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો. (પ્ર. 33 અને 34)**

અભ્યાસનું મહત્ત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે. પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વગર સંસ્કાર દઢ થતા નથી એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે: ભયથી, લાલચથી કે પ્રેમથી અને લાલચથી સંસ્કાર પાડી શકાય છે.

33) શેના વિના સંસ્કાર દઢ થતા નથી ?

(A) અભ્યાસ

(B) કુટુંબ

(C) મહેનત

(D) સમય

34) દરેક ક્રિયા કઈ ત્રણ રીતે થઈ શકે છે ?

(A) સ્વાર્થ, નિ:સ્વાર્થ અને નીડરતાથી

(B) ભય, લાલચ અને પ્રેમથી.

(C) મહેનત, નસીબ અને અભ્યાસથી.

(D) સંસ્કારિતા, પરિશ્રમ અને પરોપકારથી

■ કાવ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો. (પ્ર. 35 અને 36)

માણસ મરી જાય છે પછી
થોડા દિવસ
કરુણ શબ્દોની ઊડાઊડ.
હૉસ્પિટલની લાંબીમાં ફરતાં સગાવહાલાં જેવી
ઠાલાં આશ્વાસનોની અવરજવર
થોડા દિવસ –
'ગીતા' ને 'ગરુડ પુરાણ'ની હવા.
પછી બેન્ક બેલેન્સની પૂછપરછ.

35) માણસના મરી ગયા પછી શાની ઊડાઊડ થાય છે ?

(A) કરુણાના શબ્દોની

(B) પંખીઓની

(C) પવનની

(D) સ્વાર્થની

36) કવિએ ઠાલા આશ્વાસનોને કોની સાથે સરખાવ્યાં છે ?

(A) કુટુંબીજનોની સાથે

(B) માણસોની સાથે

(C) સ્વજનોની સાથે

(D) લાંબીમાં ફરતાં સગાવહાલાંઓ સાથે.

37) વાર્તાનાયકની દૃષ્ટિએ પતિપત્ની જુદાં રહેવાથી શો ફાયદો થાય છે ?

(A) ઘરમાં શાંતિ લાગે છે.

(B) પતિ-પત્ની વચ્ચે પ્રેમ વધે છે.

(C) ઘરમાં ઝઘડો થતો અટકે છે.

(D) કાગળો લખવાથી સ્ત્રીઓના અક્ષર સુધરે છે.

38) 'પેરેલિસિસ' અને 'આકાર' આ નવલકથાઓ કયા સર્જકની છે ?

(A) ચંદ્રકાન્ત બક્ષી
(B) કાકા કાલેલકર
(C) રા.વિ. પાઠક
(D) કનૈયાલાલ મુનશી

39) જાંબાળા...ખોપાળા...તગડી... ને ભડી.. (એમાં ભડી તો હવે...) એવું લેખક શા માટે કહે છે ?

(A) ભડીથી ગિલાને કંઈ ખાસ લાભ ન હતો.

(B) ભડીથી ભાગ્યે જ પૅસેન્જર મળતા હતા.

(C) ભડી ભાવનગરમાં વિલીન થઈ ગયું હતું.

(D) ભડીના માર્ગે જવું લોકોને ગમતું ન હોતું.

40) 'સ્ત્રી કેળવણી' નિબંધનું સંકલન શેમાંથી કરવામાં આવ્યું છે ?

(A) નર્મકોશ
(B) નર્મગદ્ય
(C) નર્મકવિતા
(D) મારી હકીકત

41) લેખકનો વૃક્ષ પ્રત્યેનો આદરભાવ કયા શબ્દોમાં વ્યક્ત થયો છે ?

(A) વૃક્ષો જીવતા જાગતા દેવ છે, જીવનનો દેવ છે.

(B) વૃક્ષો પ્રકૃતિની ગોદમાં ઉછરે છે.

(C) વૃક્ષોનો ઈન્કાર જીવનચેતનાનો ઈન્કાર છે.

(D) વૃક્ષો કુદરતના આશીર્વાદ છે.

42) 'સોનાનાં વૃક્ષો' પાઠના લેખક કોણ છે ?

(A) ચંદ્રકાન્ત બક્ષી
(B) લાભશંકર ઠાકર
(C) મણિલાલ પટેલ
(D) જ્યોતીન્દ્ર દવે

43) 'ટાઈમટેબલ' પાઠનો સાહિત્ય પ્રકાર કયો છે ?

(A) લલિતનિબંધ
(B) ચરિત્રનિબંધ
(C) નિબંધ
(D) હાસ્યનિબંધ

44) સ્વામીજીએ કહ્યું કે 'પ્રકૃતિ ખુદ એક કવિતા છે' કારણ કે...

(A) કવિતામાં પ્રકૃતિનાં વૃક્ષો, ફૂલો, તારા, ચન્દ્ર, નદીઓ જેવાં સ્વરૂપોનું વર્ણન થાય છે.
(B) કાવ્યો રચવાની પ્રેરણા પ્રકૃતિમાંથી મળે છે.
(C) ઈશ્વરની રચનાઓ પ્રકૃતિ દ્વારા થાય છે.
(D) પ્રકૃતિને ખોળે બેસનારને અવર્ણનીય આનંદ મળે છે.

45) 'એ.પી.જે. અબ્દુલ કલામનું ઘડતર' પાઠ લેખકની કઈ કૃતિમાંથી લેવામાં આવ્યો છે ?

(A) ફાયર ઑફ વીન્ગ્ઝ
(B) વીન્ગ્ઝ ઑફ ફાયર
(C) વીઝન ઈન્ડિયા
(D) ધ ન્યુ મિલેનિયમ

46) 'આક્કા' પાઠનું કયું વિધાન દીકરી માટે નકારાત્મક માન્યતાવાળું છે ?

(A) 'દીકરા તેટલા વહાલા અને દીકરી તેટલી અળખામણી.'
(B) 'શહાણું માણસ લાભત નાહીં'
(C) 'દીકરી છે વહાલનો દરિયો અને તુલસીનો ક્યારો.'
(D) 'બહેન-દીકરીઓને હું દૂરથી પૂજું છું.'

(P.T.O.)

47) 'દાદાજી ! દાદાજી ! હું લૂંટાઈ ગઈ. મારું સર્વસ્વ હણાઈ ગયું.' - આ ઉક્તિ કઈ બાબતનું સૂચન કરે છે ?

(A) ઈન્દિરાની લાચારીનું
(B) ઈન્દિરાના ગાંડપણનું
(C) ઈન્દિરાના વલોપાતનું
(D) ઈન્દિરાના ઘરમાં થયેલી લૂંટનું

48) "ધીમે ધીમે તે ડગ ધરતો - કોઈ મત્ત ગજેન્દ્રની માફક. તેમાં નહોતો ક્ષોભ કે નહોતી ખિન્નતા." - આ પાત્રાલેખન કોનું છે ?

(A) પૃથિવીવલ્લભ
(B) ભિલ્લમ
(C) તૈલપ
(D) મૃણાલવતી

49) 'ઓ ઈશ્વર ભજિયે તને
મોટું છે તુજ નામ...' આ પંક્તિ કઈ કૃતિની છે ?

(A) શૂલપાણેશ્વર
(B) આક્કા
(C) વૃક્ષ
(D) છકડો

50) નીચેનાં જોડકાં ધ્યાનથી જોઈ સાચો વિકલ્પ પસંદ કરો.

| અ | બ |
|---|---|
| (1) શૂલપાણેશ્વર | (a) રેવાશંકર |
| (2) વૃક્ષ | (b) ચીમી |
| (3) જક્ષણી | (c) શ્યામલાલ |
| (4) આક્કા | (d) છગન |

(A) (1-a), (2-b), (3-c), (4-d)
(B) (1-b), (2-c), (3-d), (4-a)
(C) (1-c), (2-d), (3-a), (4-b)
(D) (1-d), (2-a), (3-b), (4-c)